### સાબરકાંઠા અરવલ્લી જીલ્લામાં ગ્રાન્ટેડ

# માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષકો પસંદગીના સ્થળે હાજર નહીં થાય તો બે લાખનો દંડ : કમિશનર ઓફ સ્કૂલ

- **અભ્યાસ રઝળી પડવાની સ્થિતિ નિવારવા કમિશનરે રૂ. ૩૦૦૦ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું આપવાનું ફરજિયાત કર્યું**
- **શિક્ષકોના માસિક પગારમાંથી પાંચ હજાર ૪૦ મહિના માટે એમ કુલ બે લાખ ડીઈઓ દ્વારા કપાત કરાશે**

બાયડ, હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૪ સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના સહિત રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયક ચાલુ નોકરીવાળા શિક્ષકો (Gujarat Granted Teacher) પાસેથી સોગંદનામું કર્યાની સર્ટિફિકેટ આપવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. શિક્ષકો ભરતી થાય પછી પસંદગીના સ્થળે શિક્ષકો હાજર થતા નઓથી. તેના કારણે પ્રથમ વખત કમિશનર ઓફ સ્કૂલે હાજર નહીં થતાં શિક્ષકોને બે લાખનો દંડ કરવાનું નક્કી કર્યું છે. જેના ભાગરૂપે જ શિક્ષકોએ આ સોંગદનામું આપવાનું છે.

કમિશનર ઓફ સ્કુલ ગુજરાત દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પત્ર વ્યવહાર દ્વારા જણાવ્યા મુજબ શિક્ષકોને શાળા પસંદ કરવાની પણ છૂટ આપવામાં આવે છે. શિક્ષકને શાળા ફાળવવામાં આવે ત્યારબાદ શિક્ષકો હાજર થતા નથી. તેના કારણે વિદ્યાર્થી અને સ્કૂલને શિક્ષક મળતા નથી અને અભ્યાસ રઝળી પડે છે. આ સ્થિતિ નિવારવા કમિશનરે રૂ. ૩૦૦૦ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું આપવાનું ફરજિયાત કર્યું છે. જેમાં એવી બાંહેધરી માગવામાં આવી છે કે ફાળવવામાં આવનાર કોઈપણ શિક્ષક હાજર થશે.

ઉલ્લેખનીય છે કે, કોઈપણ શાળામાં શિક્ષક હાજર નહીં થાય તો બાળકોના શૈક્ષણિક કાર્ય સુધારણાના હેતુથી સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી ભરતી પ્રક્રિયાના સુચારું કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવા તેમજ બેરોજગાર ઉમેદવારોને રોજગારીની તકથી વંચિત રાખી સરકારના શિક્ષિત નાગરિકોને રોજગારી પૂરી પાડવાના લક્ષમાં અવરોધ ઉભો કરવા બદલ માસિક પગારમાંથી પાંચ હજાર ૪૦ મહિના માટે એમ કુલ બે લાખ ડીઈઓ દ્વારા કપાત કરી સરકારમાં જમા કરાવવા ખાતરી આપીએ છીએ.

# અંબાજી મંદિરને ૫૧.૫૪ લાખના સોનાનું ગુપ્તદાન મળ્યું

### ગાંધીનગરના માઇ ભક્તનું ગુપ્ત દાન



ડીસા, તા. ૫ સુપ્રસિધ્ધ શક્તિપીઠ અંબાજીએ લાખ્ખો માઈ ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે . રાજ્ય સરકાર, જીલ્લા વહીવટી તંત્ર બનાસકાંઠા અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી યાત્રાળુઓને ઉત્તમ સુવિધાઓ આપવા કટિબદ્ધ છે . અંબાજીમાં મા અંબાના મંદિરનું સુવર્ણ શિખર સમગ્ર ગુજરાતનું ગૌરવ બની રહ્યું છે . અત્યાર સુધી ૬૧ ફૂટ સુવર્ણ શિખરની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે . જેમાં ૧૪૦ કિલો ૪૩૫ ગ્રામ સોનાનો અને ૧૫૭૧૧ કિલોગ્રામ તાંબાનો ઉપયોગ થયેલ છે.

અંબાજી મંદિરના વધુ શિખરો સુવર્મ મય બનાવવાની કામગીરી શરુ થનાર છે. ત્યારે ગાંધીનગરના એક માઈ ભક્તએ પોતાની ઓળખ ન બતાવી અંબાજી મંદિર સુવર્ણ શિખર માટે ૫૧,૫૪,૬૦૦ ( અંકે રૂપિયા એકાવન લાખ ચોપન હજાર છસ્સો ) ની કિંમતનું ૧ કિલો ૧૦૦ ગ્રામ સોનાનું ગુપ્ત દાન દેવસ્થાન ટ્રસ્ટને આપવામાં આવ્યું છે તેમ અંબાજી મંદિરના ટેમ્પલ ઈન્સપેકટર સતિષ ગઢવીએ જણાવ્યુ હતુ.

### કોરોનાના નામે ભ્રષ્ટાચારની હદ વટાવી

# બાયડ તાલુકા પંચાયતના મિશન મંગલમમાં લાખોનો ભ્રષ્ટાચાર, ટી.ડી.ઓ.એ માત્ર ખુલાસો પૂછી સંતોષ માન્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪ બાયડ તાલુકા પંચાયતના મિશન મંગલમમાં લાખોનો ભ્રષ્ટાચાર ઉછાળા મારી રહ્યો છે. બહાર આવેલી વિગતો અનુસાર કોરોના કાળ દરમ્યાન જિલ્લા પંચાયત, ગ્રામ વિકાસ એજન્સી દ્વારા માસ્ક તથા ઉકાળાનું રૂ.૬ લાખનું બીલ ખોટી રીતે પાસ કર્યાની લોકચર્ચાએ તાલુકા પંચાયત કચેરીમાં હલચલ મચાવી છે. ટી.એલ.એમ.ના એક પછી એક ભ્રષ્ટાચાર બહાર આવી રહ્યા છે

**ટી.એલ.એમ.ના કૌભાંડ ઢાંકવા માટે જિલ્લા કક્ષાએથી દબાણ થયાની લોકચર્ચા**

ત્યારે ટી.ડી.ઓ.એ માત્ર ખુલાસા પૂછી સંતોષ માન્યો છે. ટી.એલ.એમ.ના કૌભાંડ ઢાંકવા માટે જિલ્લા કક્ષાએથી દબાણ થયાની ચર્ચાએ બાયડ તાલુકા પંચાયતના જવાબદાર અધિકારીઓની કામગીરી ઉપર અનેક સવાલ ઉભા કર્યા છે.

બાયડ તાલુકા પંચાયત લાંબા સમયથી ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયો છે. સામાન્ય કર્મચારીની નાની અમથી ભૂલ હોય તો તેની સામે શિક્ષાત્મક પગલાં ભરાય છે પરંતુ અહીંયાં તો મિશન મંગલમ યોજનામાં મહિલા કર્મચારીઓની છેડતી, યૌન શોષણ અને અનહદ ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા પછી પણ મામલાને દબાવી દેવામાં આવી રહ્યો છે. આધારભૂત સૂત્રોએ આપેલી વિગતો અનુસાર કોરોના કાળ દરમ્યાન માસ્ક અને ઉકાળાના ખોટા બીલો રજૂ કરીને ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે અને હવે ટૂંક સમયમાં જ ટી.એલ.એમ. દ્વારા કેટલાક સખી મંડળોની ગ્રાન્ટ ફાળવવા માટે કટકી મળતી ન હોવાથી આનાકાની કરતા હોવાની પણ ફરિયાદ સામે આવી છે. ગ્રામ વિકાસ એજન્સી બાયડ તાલુકા પંચાયતના મિશન મંગલમ્ વિભાગના ભ્રષ્ટાચાર સાથે સીધી રીતે સંડોવાયાના આક્ષેપ છે અને તેના કારણે જ તમામ ફરિયાદોને કચરાપેટીમાં ધકેલી દેવામાં આવી છે.

**મિશન મંગલમ્‌માં કયા આક્ષેપ લાગ્યા**


- ઈન્દ્રાણ ગ્રામ્ય સખીમંડળને રૂા.૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આનાકાની.
- બાદરપુરા ગ્રામ્ય સખીમંડળને ૩ વર્ષ પુરાં થવા છતાં હજુ સુધી રૂા.૫ લાખની ગ્રાન્ટ આપવામાં આવી નથી.
- મોટાલાલપુર ગ્રામ્ય સખીમંડળને ઈરાદાપૂર્વક ગ્રાન્ટ આપવામાં આવતી નથી.
- દરેક લોનકેસ પાસ કર્યાના ૫૦૦૦ રૂા. ખંખેરવામાં આવે છે. કોઈ ના પાડે તો લોન મંજૂર કરવામાં આવતી નથી.
- પ્રધાનમંત્રી આવાસ યોજનામાં બેનર તથા પોસ્ટરના રૂા.૨ લાખના ખોટા બીલ રજૂ કરવામાં આવ્યા છે.
- કન્ટીજન્સી ખર્ચ ખોટો ઉપાડેલ છે જેમાં યોગેન્દ્રસિંહ કે. ભાટી તેમજ અન્ય કર્મચારીઓની સંડોવણી હોવાના આરોપ લાગ્યા છે.
- આંબલિયારા ગ્રામ્ય સખી મંડળમાં લોન એન.પી.એ. થયેલ ખાતામાં વિવોના પૈસાથી ભરી ખાતા નીલ કરી લોન મંજૂર કરાવેલ છે.
- વહીવટદાર તરીકે એક મહિલા કર્મચારીનું નામ ઉછળ્યું છે.
- બોરમઠ ગ્રામ્ય સખી મંડળની સી.એસ.એફ.ની ૫ લાખની ગ્રાન્ટ મંજૂર કરેલ છે જે પૈસા બેન્ક સખી કાજલબેન દેસાઈ તથા બેન્ક મેનેજરની મીલીભગતથી વાપરવામાં આવ્યા છે. ૩ વર્ષ થયા છતાં ફંડ ભરપાઈ થયેલ નથી અને કોઈ લોન પણ ભરેલ નથી.
- ડેમાઈ ગ્રામ્ય સખી મંડળમાં રૂા.૫ લાખની સી.આઈ.એફ. કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડમાં પણ ફરિયાદ ઉઠી છે.
- બળીયાદેવ (દેરોલી) ગ્રામ્ય અને સંગઠનમાં રૂા.૭ લાખની સી.આઈ.એફ. ગ્રાન્ટ ફાળવેલ નથી જે સીધો જ ઉપાડ વહીવટથી કરેલ છે જેમાં પણ એક મહિલાના સામે ગંભીર આક્ષેપ થયા છે. આ તમામ ગ્રાન્ટ બેન્ક ઓફ બરોડા-બાયડમાં જમા થાય છે જેમાં બેન્ક મેનેજર સામે પણ આક્ષેપો થયેલા છે.

### વાંઝીયાપણાનો શ્રાપ લાગ્યો કે શું..??

# વિજયનગરના જંગલમાં રીંછની વસતી ઠેરની ઠેર : માત્ર ૧૮ રીંછ ઉપલબ્ધ

### ૫ વર્ષથી ગણતરી કરવાનું ભુલાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪ વિજયનગર તાલુકાના અભાપુર સહિતના જંગલ વિસ્તારમાં રીંછના વસવાટ માટે અનુકુળ વાતાવરણ છતાં રીંછની વસતી ન વધતાં આશ્ચર્ય ઉભું થયું છે. દર ત્રણ વર્ષે થતી ગણતરીમાં માત્ર ૧૮ રીંછ વન વિભાગના દફતરે નોંધાતાં આવ્યાં છે. જ્યારે નજીકના બનાસકાંઠાના જંગલમાં રીંછની સંખ્યા સતત વધતાં વન વિભાગના તજજ્ઞોને આ મુદ્દે અભ્યાસ કરવો પડે તેવી જરૂરીયાત ઉભી થઈ છે. વસવાટ કરતા નર રીંછ વંધ્યત્વનો શિકાર તો બન્યા નથી ને..?? તેની તપાસ કરવાનો સમય પાકી ગયો છે. જાણવા



મળ્યા મુજબ વર્ષ-૨૦૧૬ પછી આજદિન સુધી રીંછની વસતી ગણતરી કરવાનું ભુલાયું છે.

જિલ્લાના વન વિભાગમાં વન્ય જીવોની ગણતરીમાં આંકડાઓની ઈન્દ્રજાળ રચાતી હોય તેવું વર્ષોથી થતું આવ્યું છે. નિલગાયનો વસતી વિસ્ફોટ છતાં ચોપડે જૂજ નિલગાયો દર્શાવાય છે તો અન્ય પ્રાણી ગણતરીમાં વિભાગને કહેવું જ શું..?? જિલ્લાના વિજયનગર તાલુકાના ગાઢ જંગલ વિસ્તારમાં દિપડા ઉપરાંત રીંછના વસવાટ માટે અનુકુળ વાતાવરણ વર્ષોથી રહ્યું છે. અંતરીયાળ વિસ્તારમાં આદિવાસી રાહદારીઓ ઉપર જંગલમાં રીંછના હુમલાના બનાવ પણ નોંધાયા છે છતાં વન વિભાગના દફતરે રીંછની જૂજ સંખ્યા કેમ..!! વિજયનગરના જંગલ વિસ્તારમાં દર ત્રણ વર્ષે ગણતરી હાથ ધરાય છે તેમાં રીંછની સંખ્યા પર્વ પછી પણ ૧૮ નોંધાતાં વન વિભાગની ગણતરી સામે અનેક સવાલ ઉભા થયા છે. રીંછ માટે અનુકુળ વાતાવરણ છતાં રીંછની વસતીમાં કોઈ વધારો પાછલા વર્ષોમાં નોંધાયો નથી તેનું કારણ શું..?? તે તપાસનો મુદ્દો બન્યો છે. જો વન વિભાગની ગણતરી સાચી જ હોય તો વન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ આ મુદ્દે પ્રાણી તજજ્ઞોની મદદ લઈ જંગલ વિસ્તારમાં રીંછની સંખ્યા વધે તેવા પ્રયાસો કરવા જોઈએ તેવો સૂર વન્ય પ્રેમીઓમાંથી ઉઠવા પામ્યો છે.

# નેત્રામલીમાં વણકર સમાજવાડીનું પૂર્વ સરપંચ દ્વારા ભૂમિપૂજન



નેત્રામલી, તા.૪ ઈડર તાલુકાના નેત્રામલી ખાતે તારીખ ૩/૩/૨૧ ને બુધવારના રોજ પાંત્રીસ પરગણા વણકર સમાજના નેત્રામલી ગામમા વણકર સમાજના લોકો માટે ઉત્સાહી અને સેવાભાવી સરપંચ નિલેશભાઈ પટેલે વણકર સમાજવાડીની કામની કામગીરી હાથ ઉપર ધરી વણકર સમાજવાડીનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ પ્રસંગે વિનોદ સાધુ, સતીષ પંડ્યા, જયંતિ પટેલ, હરેશ પટેલ, હર્ષદ પટેલ, નિકુંજ પટેલ, વિક્રમસિંહ કુંપાવત સહિત હાજર રહ્યા હતા. વણકર સમાજના ભાઈઓ રત્નાભાઈ, તુલસીભાઈ, રામાભાઈ, અમૃતભાઈ, શામળભાઈ, રમણભાઈ, મગનભાઈ, વસંતભાઈ, જગદીશભાઈ તથા સમસ્ત વણકર સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહી સાથ અને સહકારથી વણકર સમાજવાડી માટે ભૂમી પુજન કરવામા આવ્યું હતું.

# આકરૂન્દ તાલુકા પંચાયત-૧ ના ચૂંટણી જંગમાં વિણાબેન પટેલનો ભવ્ય વિજય

### મતદારોની જીત ગણાવતા વિજેતા ઉમેદવાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪ ધનસુરા તાલુકાની આકરૂન્દ તાલુકા પંચાયત-૧ ઉપર ભાજપના વિણાબેન વિનોદભાઈ પટેલનો ૫૦૧ મતથી ભવ્ય વિજય થતાં આકરૂન્દ સહિત પંથકમાં ખુશાલી છવાઈ હતી. વિજેતા ઉમેદવારે જીતનો યશ મતદારોને આપ્યો હતો. આગામી ૫ વર્ષ દરમ્યાન સમગ્ર વિસ્તારમાં વિકાસના અઢળક કામો કરી ગ્રામ્ય વિસ્તારોને વધુ વિકાસશીલ બનાવીશું તેમ જણાવ્યું છે.

આકરૂન્દ જિલ્લા પંચાયત અને તાબાની તાલુકા પંચાયત બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામ્યો હતો. દાયકાઓથી ભાજપ માટે સંગઠનનું કામ કરનાર આકરૂન્દ ગામના વિનોદભાઈ ભલુભાઈ પટેલના પત્નિ વિણાબેન પટેલને ભાજપે મેદાનમાં ઉતાર્યા એ સાથે જ પ્રથમ દિવસથી આકરૂન્દ તાલુકા પંચાયત-૧ બેઠક ઉપર ભાજપનો વિજય થશે તેવું મતદારોએ જણાવ્યું હતું. તા.૨ માર્ચે પરિણામ જાહેર થયું ત્યારે ભાજપના ઉમેદવારનો ભવ્ય વિજય થતાં ભાજપના કાર્યકરો અને તેમના સમર્થકોએ વિજય સરઘસ નિકાળી તમામ મતદારોનો આભાર માન્યો હતો. આકરૂન્દ તથા આસપાસના વિસ્તારોમાં રસ્તા પહોળા કરવા, શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા સહિતના પ્રશ્નોને અગ્રતા આપવામાં આવશે તેમ જણાવ્યું છે.



### મોડાસાની એમ. કે. શાહ સાયન્સ કોલેજમાં

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સરકારી પ્રતિનિધિ EC મેમ્બરો વિદ્યાર્થીઓ સાથે સંવાદ અને વાર્તાલાપ યોજાયો





મોડાસા, તા. ૪ શ્રી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ.કે.શાહ (લાટીવાળા) સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ના સરકારી પ્રતિનિધિ EC મેમ્બર હરેશભાઈ ચૌધરી દ્વારા યુનિવર્સિટી ને લગતા, પરીક્ષા વિષયના વિદ્યાર્થીઓના પ્રશ્નોના સમાધાન અને મૂંઝવણ નિવારવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ તથા સર પી.ટી.સાયન્સ કોલેજ દ્વારા

જેમાં યુનિવર્સિટી દ્વારા લેવાનાર પરિક્ષાઓ અંગે સમજણ આપી ડિગ્રી સર્ટિફિકેટ, યુનિવર્સિટીની સિંગલ વિન્ડો સિસ્ટમ અને સામાજિક સેવાકાર્ય પ્રત્યે અભિરૂચિ કેળવવાની પ્રેરણા આપી તથા સર પી.ટી.સાયન્સ કોલેજના ઉપક્રમે યોજાયેલ આંતરરાષ્ટ્રીય શોધ સેમીનારમાં હાજરી આપી પ્રેરક ઉદબોધન કર્યુ. આ પ્રસંગે મંડળ ના ઉપપ્રમુખ શ્રી સુભાષભાઈ શાહ સાયંસ કોલેજ ના પ્રભારી મંત્રી શ્રી સુરેન્દ્રભાઈ જે. શાહ, ડો. ઘનશ્યામભાઈ શાહ તથા ડો. કે. પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમાં પ્રા. ગિરીશ વેકરીયા દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.એસ.ડી.વેદિયા દ્વારા કરવામાં આવ્યું.

# સાત ગોલ્ડ મેડલ સાથે ડીસાનું ગૌરવ વધારતી ‘શ્વેતા ખત્રી’નું સાંસદ દ્વારા સન્માન કરાયું



ડીસા, તા. ૪ દાંતીવાડા કૃષિ યુનિવર્સીટીના ૧૬ માં દિક્ષાન્ત સમારોહમાં અભ્યાસ ક્ષેત્રે વિવિધ ફેકલ્ટી માં ઉચ્ચ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા જેમાં ફેકલ્ટી ઓફ વેટરનરી સાયનસ એન્ડ્રો એનિમલ હસબન્ડરીમાં ડીસા ના વેપારી પ્રદીપભાઈ ખત્રીની પુત્રી શ્વેતા ખત્રીએ ઉત્કૃષ્ટ દેખાવ કરતા તેને સાત ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા આમ શ્વેતા ખત્રી એ વેટરનરીના અભ્યાસ ક્ષેત્ર માં અવ્વલ સિદ્ધિ હાંસલ કરી સમગ્ર ડીસા શહેર તેમજ બનાસકાંઠાનું ગૌરવ વધાર્યું છે. અભ્યાસ ક્ષેત્રે જવલંત સિદ્ધિ હાંસલ કરનાર શ્વેતા ખત્રીનું ગુરુવારે તેમના નિવાસસ્થાન ખાતે રાજયસભાના સાંસદ દિનેશભાઈ અનાવાડિયાએ મોમેન્ટો આપી સન્માન કર્યું હતું અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ પણ આપ્યા હતા.આ પ્રસંગે શ્વેતા ખત્રીના પરિવારજનો દ્વારા પણ સાંસદનું સાલ અને પુષ્પગુચ્છ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર પ્રગતિ અભિવાદન ગ્રુપના પ્રમુખ લલિતભાઈ દોશી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**જન્મદિને વધામણી**



મોરેન રોશનકુમાર પટેલ



મોક્ષ પથિકકુમાર ચૌધરી